સેન્સેક્સ ૪૯૧ પોઈન્ટ ઉછળી ૨૦૨૧૩ની સપાટી પર

જાન્યુઆરી ૨૦૧૧ બાદથી માર્કેટ સૌથી ઉંચી સપાટીએ : આગામી પોલીસી સમીક્ષામાં વ્યાજદરમાં વધુ ઘટાડો થવાની આશા ઉજળી બની : આઈટી ઇન્ડેક્સ સિવાય તમામ સેક્ટરલ ઇન્ડેક્સમાં જોરદાર તેજી

નવી દિલ્હી,તા. ૧૫

શેરબજારમાં આજે તીવ્ર તેજીનું મોજુ ફરી વળ્યુ હતુ. કારોબારના અંતે સેન્સેક્સ આજે ૪૯૧ પોઈન્ટ સુધરીને ૨૦૨૧૩ની ઉંચી સપાટીએ પહોંચ્યો હતો. જાન્યુઆરી ૨૦૧૧ બાદથી માર્કટ સૌથી ઉંચી સપાટી પર પહોંચી જતા કારોબારીઓમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ. બેંક નિફ્ટી ૩૦ મહિનાની ઉંચી સપાટીએ બંધ રહેતા પણ ખુશી રહી હતી. રેટ લક્ષી શેરમાં તીવ્ર તેજી રહી હતી. આના માટેનું કારણ એ છે કે વ્યાજદરમાં વધુ ઘટાડો થવાના સંકેત દેખાઈ રહ્યા છે. બેંચ માર્ક ઈન્ડેક્સ ૨૮ મહિનાની ઉંચી સપાટીએ પહોંચ્યા હતા. આરબીઆઈના ગવર્નરે કહ્યુ હતુ કે ફુગાવામાં ઘટાડો ખૂબ સારા સંકેત સમાન છે. આજે કારોબારના અંતે સેન્સેકસ ૪૯૧ પોઈન્ટ સુધરીને ૨૦૨૧૩ની સપાટીએ રહ્યો હતો. જ્યારે નિફ્ટી ૧૫૧ પોઈન્ટ ઉછળીને ૬૧૪૭ની સપાટીએ રહ્યો હતો. બ્રોડર માર્કેટમાં મિડકેપ ઈન્ડેક્સમાં ૧.૬ ટકાનો અને સ્મોલકેપ ઈન્ડેક્સમાં ૧ ટકાનો સુધારો રહ્યો હતો. શેરબજારમાં સ્થાનિક સારા પરિબળોની સાથે સાથે વૈશ્વિક પરિબળો પણ ખુબ સારા રહ્યા છે.

એક બાજુ એપ્રિલમાં હોલસેલ પ્રાઈઝ ઈન્ડેક્સ આધારિત ફુગાવો સતત ત્રીજા મહિને ઘટ્યો છે. આ ફુગાવો ૪.૮૯ ટકા થયો છે જે આરબીઆઈના અંદાજ કરતા ઓછો છે. આવી સ્થિતિમાં રિઝર્વ બેંકને આગામી નીતિમાં વ્યાજદર ઘટવાના સંકેત મળી રહ્યા છે. આરબીઆઈએ એવી આગાહી કરી હતી કે ફુગાવો ૪-૫ ટકા વચ્ચે રહી શકે છે. વૈશ્વિક બજારોમાં પણ સ્થિતિ ખૂબ સારી રહી હતી. એશિયન બજારમાં જાપાનના નિક્કીમાં ૨.૩ ટકાનો સુધાર થયો હતો. આની સાથે જ જાન્યુઆરી ૨૦૦૮ બાદથી પ્રથમ વખત નિક્કી ૧૫૦૦૦થી ઉપર રહ્યો છે. અન્ય જે બજારોમાં સુધારો થયો હતો તેમાં સંઘાઈ કમ્પોઝિટ, હેંગસેંગ અને તાઈવાન બજારનો સમાવેશ થાય છે. ઘરઆંગણે તમામ સેક્ટરલ ઈન્ડેકસમાં તેજી નોંધાઈ હતી. એક માત્ર આઈટી ઈન્ડેકસમાં ઘટાડો જોવા મળ્યો હતો. તમામ સેક્ટરલ ઈન્ડેક્સમાં ૦.૪ ટકા જેટલો સુધાર થયો હતો. રિયાલિટી, બેંકેક્સ અને ઓટો ઈન્ડેક્સ જેવા રેટ લક્ષી શેરમાં બેથી ચાર ટકાનો સુધાર થયો હતો. કેપિટલ ગુડ્સ, પીએસયુ, ઓઈલ એન્ડ ગેસ, હેલ્થકેર, મેટલ, પાવર, એફેમસીજી, કન્ઝ્યુમર ડ્યુરેબલ ઈન્ડેક્સમાં ૧.૫-૩ ટકાનો સુધારો નોંધાયો હતો. વિપ્રોમાં મંદી જોવા મળી હતી. તેના શેરમાં ૦.૫ ટકાનો ઘટાડો થયો હતો. જે શેરમાં આજે તેજી રહી હતી તેમાં એચડીએફસી, એસબીઆઈ, એચડીએફસી બેંકનો સમાવેશ થાય છે. આ તમામમાં ચારથી પાંચ ટકાનો સુધાર નોંધાયો હતો. ઓટોની તમામ કંપનીઓના શેર બેથી ત્રણ ટકા જેટલા સુધર્યા હતા. માર્કેટ બ્રિડથની વાત કરવામાં આવે તો કારોબાર દરમિયાન મજબુતી રહી હતી. ૧૪૬૬ શેર તેજીમાં રહ્યા હતા જ્યારે ૯૭૩ શેર મંદીમાં રહ્યા હતા.

સંજય દત્ત પ્રતિદિન જેલમાં ૨૫ રૂપિયાની કમાણી કરશે

સંજય દત્ત પરિવારના સભ્યોને એક મહિનામાં એક વખત ૨૦ મિનિટ મળી શકશે : સંજય દત્તની મુશ્કેલીઓ શરૂ

મુંબઈ,તા.૧૫

બોલિવૂડ સ્ટાર સંજય દત્ત આવતીકાલે શરણાગતિ સ્વીકારનાર છે. સંજય દત્ત માટે હવે મુશ્કેલીનો તબક્કો શરૂ થઈ રહ્યો છે. બોલિવૂડમાં કરોડો રૂપિયાની કમાણી કરનાર સંજય દત્ત આવતીકાલથી ૨૫ રૂપિયા રોજની આવક ઉપર કામ કરશે. ગેરકાયદે રીતે હથિયાર રાખવાના મામલામાં અપરાધી ઠેરવવામાં આવ્યા બાદ સંજય દત્તને જેલની સજા કરવામાં આવી છે. હકીકતમાં જેલમાં કેદીઓ પાસે થી કારપેન્ટર, કેરપેટ બનાવવા અને લેધર વર્કશોપમાં કામ કરવાની તક આપવામાં આવે છે. આમાથી ઈચ્છા મુજબ કેદી પોતાના કામી પસંદગી કરે છે. શરૂમાં આના માટે ૨૫ રૂપિયા પ્રતિ દિવસના દરે પૈસા આપવામાં આવે છે. સંજય દત્ત જો ભોજન બનાવવામાં જોડાશે તો તેનો પગાર પ્રતિ દિવસ ૨૫થી વધારીને ૫૦ કરવામાં આવશે. સંજય દત્ત આ જ મામલામાં ગયા વર્ષે જેલમાં ગયો હતો ત્યારે કારપેન્ટરનું કામ કરતો હતો. દરરોજની આવક ઉપરાંત સંજય દત્તને પોતાના પરિવાર પાસેથી ૧૫૦૦ રૂપિયા મળી શકે છે. સંજય દત્ત એક મહિનામાં પોતાના પરિવારના પાંચ લોકોથી ૨૦ મિનિટ સુધી મળી શકે છે.

સંજય દત્ત જેલમાં ભોજન બનાવવાનું કામ કરે તેવી શક્યતા : શરૂમાં ૨૫ રૂપિયા અને ભોજનમાં કુશળતા મેળવ્યા બાદ ૫૦ રૂપિયા દરરોજના હિસાબે મળશે

મુંબઈમાં ૧૯૯૩ના સિરીયલ બ્લાસ્ટ કેસના સંબંધમાં સંજય દત્તને અપરાધી ઠેરવવામાં આવ્યો હતો. અત્રે ઉલ્લેખનીય છે કે સુપ્રીમ કોર્ટે ગઈકાલે શરણાગતિ સ્વીકારવા માટે વધુ મહેતલ આપવાનો ઈન્કાર કરી દીધો હતો. એક ફિલ્મ નિર્માતા દ્વારા સંજય દત્તને વધુ રાહત આપવાની માંગ કરીને અપીલ કરવામાં આવી હતી અને જણાવાયું હતું કે તેમની ફિલ્મનું શૂટિંગ બાકી રહી ગયું છે. જો કે સુપ્રીમે અરજીને ફગાવી દીધી હતી. કોર્ટે આ અગાઉ સંજય દત્તને શરણાગતિ સ્વીકારવા માટે એક મહિનાની વધારાની મહેતલ આપી હતી. સુપ્રીમ કોર્ટે ૧૦મી મેના દિવસે રજૂ કરવામાં આવેલી સંજય દત્તની રિવ્યૂ પીટીશનને પણ ફગાવી દીધી હતી.

આજે સંજય દત્તની ટાડા કોર્ટમાં શરણાગતિ

સંજય દત્તને બાકીની જેલની સજા હવે ગાળવી પડશે : યેરવાડા જેલમાં શરણાગતિ સ્વીકારવા માંગ કરતી તેની અરજી પાછી ખેંચવા સંજય દત્તને ટાડા કોર્ટે મંજુરી આપીઃ શરણાગતિ પહેલા સઘન સુરક્ષા વ્યવસ્થા

નવી દિલ્હી,તા. ૧૫

અભિનેતા સંજય દત્ત આવતીકાલે ગુરૂવારે ખાસ ટાડા કોર્ટ સમક્ષ શરણાગતિ સ્વીકારી લેશે. વર્ષ ૧૯૯૩ના મુંબઈ બ્લાસ્ટ કેસમાં બાકીની જેલની સજા ગાળવાના હેતુસર સંજય દત્ત શરણાગતિ સ્વીકારનાર છે. તેની તમામ પ્રકારની અરજીઓ ફગાવી દેવામાં આવી છે જેથી સંજય દત્તને હવે કોઈ પણ પ્રકારની રાહત મળશે નહીં. ટાડા કોર્ટે પૂણેમાં યેરવાડા જેલમાં શરણાગતિ સ્વીકારી લેવાની માંગ કરીને દાખલ કરવામાં આવેલી તેની અરજીને પરત ખેંચી લેવા સંજય દત્તને મંજુરી આપી હતી. સંજય દત્તે અગાઉ મુંબઈમાં ટાડા કોર્ટના બદલે પૂણેમાં શરણાગતિ સ્વીકારી લેવા તેને મંજુરી આપવા કોર્ટને વિનંતી કરીને અપીલ કરી હતી. સંજય દત્તે આના માટે કેટલાક કારણો આપ્યા હતા અને કહ્યુ હતુ કે તેની સામે ખતરો રહેલો છે. ચોક્કસ તત્ત્વો તરફથી તેને મોતનો ખતરો છે. કટ્ટરપંથી સંગઠનો પણ તેનાથી નારાજ થયેલા છે. તેની અરજીમાં જણાવાયુ હતુ કે તે સીધી રીતે અથવા તો અન્ય રીતે શરણાગતિ સ્વીકારવા માંગે છે. યરવાડા જેલના સત્તાવાળાઓ સમક્ષ શરણાગતિ સ્વીકારવાની વાત કરવામાં આવી હીત. સંજય દત્તે અન્ય કેટલાક કારણો પણ આપ્યા હતા જેમાં જણાવાયુ હતુ કે ટાડા કોર્ટની બહાર જ્યારે તે શરણાગતિ સ્વીકારવામાં જશે ત્યારે મોટી સંખ્યામાં મીડિયા અને ચાહકો હશે જેથી સુરક્ષાનો ખતરો વધી જાય છે. દરેક પ્રકારની પ્રવૃત્તિ પર નજર રાખવી સરળ રહેશે નહીં. કોર્ટમાં દરેક વ્યક્તિ ઉપસ્થિત રહેશે. પોલીસ અને કોર્ટને પણ તકલીફ પડી શકે છે. મુંબઈ સિરિયલ બ્લાસ્ટ કેસના સંબંધમાં આર્મસ એક્ટ હેઠળ સંજય દત્તને અપરાધી ઠેરવવામાં આવ્યો હતો અને સજા કરવામાં આવી હતી. ટાડા કોર્ટે તેને છ વર્ષની સજા કરી હતી પરંતુ સુપ્રીમ કોર્ટ તેની સજા છ વર્ષથી ઘટાડીને પાંચ વર્ષ કરી હતી. તેની આ કેસમાં અપરાધી ઠેરવવાની સમીક્ષા કરવાની અરજી ફગાવી દેવામાં આવી હતી. સુપ્રીમ કોર્ટે મંગળવારે બોલિવુડના નિર્માતા દ્વારા દાખલ કરવામાં આવેલી અરજી પર શરણાગતિ સ્વીકારવા સંજય દત્તને વધુ સમય આપવાનો ઈન્કાર કર્યો હતો.

લાંચ કેસ મામલે બંસલની પૂછપરછ કરવા સીબીઆઈની હિલચાલ

ફોન કોલમાં બંસલના ઉલ્લેખથી તેમની સંડોવણી પૂરવાર થતી નથી : મુશ્કેલ કેસ હોવાની સીબીઆઈની કબૂલાત

નવી દિલ્હી,તા. ૧૫

રેલવે લાંચ કૌભાંડના મામલામાં સીબીઆઈના ડિરેક્ટર રણજીત



સિંહાએ કહ્યું છે કે પવન કુમાર બંસલ સામે કેસ ખૂબ મુશ્કેલ કેસ છે. ભૂતપૂર્વ રેલવે પ્રધાન લાંચ કૌભાંડમાં મજબૂત બચાવ કરવાની સ્થિતિમાં છે. સિંહાએ એવા અહેવાલને રદિયો આપ્યો હતો કે તપાસકારો પાસે ભૂતપૂર્વ રેલવે પ્રધાનને વધુ મુશ્કેલીમાં મૂકવા તેમની પાસે નક્કર પૂરાવા છે. સિંહાનું કહેવું છે કે તેમના ભત્રીજા વિજય સિંઘલાની રેલવે બોર્ડ સભ્ય તરીકે (ઈલેક્ટ્રીકલ) મહેશકુમારની નિમણૂંક ફિક્સ કરવા લાંચ મામલામાં ધરપકડ કરી લેવામાં આવી છે પરંતુ બંસલ આમા કોલથી સાબિત થતી નથી. સંડોવાયેલા છે તે બાબત બંસલની વાતચીતથી પૂરવાર થતું નથી. સિંઘલા ચંદીગઢમાં ૯૦ લાખ રૂપિયાની લાંચ લેતા રંગે હાથ ઝડપાઈ ગયા બાદ બંસલને રેલવે મંત્રી તરીકે રાજીનામું આપી દેવાની ફરજ પડી હતી. સીબીઆઈના ડિરેક્ટરનું કહેવું છે કે તપાસ સંસ્થા સિંઘલા સાથે તેમના સંબંધો અંગે બંસલની ટૂંકમાં જ પૂછપરછ કરશે. આ ઉપરાંત સભ્ય (ઈલેક્ટ્રીકલ) તરીકે તેમની નિમણૂંકની ખાતરી સિંઘલાએ કઈ રીતે આપી તેના અંગેના પ્રશ્નો કરાશે. ભૂતપૂર્વ પ્રધાન મજબૂત બચાવ કરવાની સ્થિતિમાં છે. કારણ કે કુમારની નિમણૂંક કરાય તે પહેલા જ દરોડા પાડવામાં આવ્યા હતા. સિંહાએ એમ પણ કહ્યું છે કે આવનાર દિવસો તપાસ સંસ્થા માટે પણ પડકારરૂપ બની શકે છે. સીબીઆઈના ડિરેક્ટર માને છે કે મહેશ કુમારને એ માનવા માટે પૂરતા કારણ હતા કે સિંઘલા રેલવે બોર્ડમાં તેમની નિમણૂંક કરવામાં સફળ થઈ જશે. કુમાર જાણતો હતો કે સિંઘલા પવન કુમાર બંસલનો ભત્રીજો છે અને તેઓએ પ્રધાનના નિવાસ સ્થાને સિંઘલાને જોયા હતા. પવનકુમાર બંસલે હજુ સુધી પોતાનો બચાવ સતત કર્યો છે.

રાજીનામું આપી ચૂકેલા પવનકુમાર બંસલને આગામી દિવસોમાં કાયદાકીય ગૂંચનો સામનો કરવો પડી શકે છે પરંતુ સીબીઆઈના વડા પણ માને છે કે પવનકુમાર બંસલ સામે આરોપો પૂરવાર કરવાની બાબત ખૂબ જ મુશ્કેલ છે. જો કે આ મામલામાં હજુ પણ તપાસ ચાલી રહી છે અને કેટલીક નવી કડીઓ હાથ લાગી શકે છે. બંસલના પ્રભુત્વ અંગે માત્ર ફોન વાતચીતથી તમામ બાબતો સાબિત થતી નથી. બંસલ સમગ્ર મામલામાં સંડોવાયેલા છે તે બાબત માત્ર ફોન

પીએફ થાપણો ઉપર ૮.૫ ટકા વ્યાજદરને લીલીઝંડી

૮.૫ ટકા વ્યાજદર તાત્કાલિક ધોરણે અમલી બનાવાશે : પાંચ કરોડથી વધુ ગ્રાહકોને સીધો ફાયદો

નવી દિલ્હી,તા. ૧૫

એક મહત્વપૂર્ણ ઘટનાક્રમમાં નાણાં મંત્રાલયે અગાઉના નાણાંકીય વર્ષમાં ૮.૨૫ ટકાની સરખામણીમાં ૨૦૧૨-૧૩ માટે ૮.૫ ટકાના વ્યાજદરની ચૂકવણીને આજે લીલીઝંડી આપી હતી. આની સાથે જ પાંચ કરોડથી વધુ ઈપીએફઓ ધારકોને સીધીરીતે ફાયદો થશે. ઈપીએફઓના સેન્ટ્રલ પ્રોવિડન્ડ ફંડ કમિશનર અનીલ સ્વરૂપે પત્રકારો સાથે વાતચીત કરતા કહ્યુ છે કે નાણાં મંત્રાલયે ૨૦૧૨-૧૩ માટે ૮.૫ ટકા વ્યાજદરને લીલીઝંડી આપી છે અને આને તાત્કાલિક ધોરણે અમલી બનાવવાનો નિર્ણય કરાયો છે. તેમણે વધુમાં કહ્યુ હતુ કે જાહેરનામુ જારી કરવામાં આવ્યા બાદ ૮.૫ ટકા વ્યાજદર રહેશે. ૨૦૧૨-૧૩ માટે ગ્રાહકોના ખાતામાં ક્રેડિટ વ્યાજ પણ જમા થશે. સેન્ટ્રલ બોર્ડ ઓફ ટ્રસ્ટીએ ૨૫મી ફેબ્રુઆરીના દિવસે ૨૦૧૨-૧૩ માટે ગ્રાહકોને ૮.૫ ટકા વ્યાજદર ચૂકવવાનો નિર્ણય લીધો હતો. આ નિર્ણયથી કરોડો ઈપીએફઓ ધારકોમાં ખુશીનું મોજુ ફરી વળ્યુ હતુ. એમ્પ્લોઈ પ્રવિડન્ડ ફંડ ઓર્ગેનાઈઝેશન (ઈપીએફઓ)ની નિર્ણય લેતી સર્વોચ્ચ સંસ્થાએ આ નિર્ણય લીધા બાદ કર્માચારીઓમાં રાહત રહી હતી.

વ્યાજદર અંગે સીબીટીનો નિર્ણય એ જ વખતે અમલી બને છે જ્યારે નાણાં મંત્રાલય દ્વારા લીલીઝંડી આપવામાં આવે છે. નાણા મંત્રાલયની લીલીઝંડી બાદ જાહેરનામા પછી વ્યાજ ગ્રાહકોના ખાતામાં ક્રેડિટ થી જાય છે. ધારાધોરણ મુજબ નાણાંકીય વર્ષની શરૂઆત પહેલા પીએફ થાપણો પર વ્યાજદરની જાહેરાત ઈપીએફઓ દ્વારા કરવામાં આવે છે. જો કે છેલ્લા થોડાક વર્ષથી રેટ જાહેર કરવામાં વિલંબ થયો છે. આ વખતે વ્યાજદર નાણાંકીય વર્ષના અંત બાદ મંજુર કરાયો છે. જાહેરનામાની ગેરહાજરીમાં ક્લેમ અગાઉના નાણાંકીય વર્ષ માટે મંજુર કરવામાં આવેલા વ્યાજદર મુજબ નક્કી કરવામાં આવે છે. નાણાં મંત્રાલય દ્વારા રેટને મંજુર કરાય બાદ ગ્રાહકો જુદી રીતે દાવા કરી શકે.

દિલ્હીમાં ગેંગ રેપ કેસના આરોપી પર હુમલો થયો : આરોપી વિનય શર્માની હાલત ગંભીર

નવી દિલ્હી,તા. ૧૫

સમગ્ર દેશને હચમચાવી મુકનાર દિલ્હી ગેંગરેપ કેસમાં વધુ એક આરોપી વિનય શર્મા પર આજે જેલમાં જીવલેણ હુમલો કરાયો હતો. જેમાં તેની હાલત ગંભીર હોવાની જાણવા મળ્યુ છે. આ બનાવથી ભારે સનસનાટી મચી ગઈ હતી. જેલમાં હાલમાં ગેંગરેપના અપરાધી પર હુમલાઓ થઈ રહ્યા છે. ૧૬મી ડિસેમ્બરના દિલ્હી ગેંગરેપ કેસમાં આરોપી વિનય શર્માના વકીલે દાવો કર્યો છે કે વિનયની હાલત ગંભીર છે. તીહાર જેલમાં તેના પર હુમલો કરાયો હતો. મુખ્ય આરોપી રામસિંહ આ જ જેલમાં થોડાક દિવસ પહેલા આત્મહત્યા કરી ચુક્યો છે. હવે આ બીજો બનાવ હુમલાનો બન્યો હતો. વકીલે એપીસિંહે તપાસ સંસ્થાને કહ્યુ હતુ કે વિનય શર્માને પાટનગરના સરકારી લોકનાયક હોસ્પિટલમાં દાખલ કરાયો છે. તેની છાતીના ભાગમાં ઈજાઓ થઈ છે. સિંહે વધુમાં દાવો કર્યો છે કે શર્માના ખોરાકમાં પણ ઝેરી તત્વો હોવાનું જાણવા મળી રહ્યુ છે. વકીલના જણાવ્યા મુજબ વિનય શર્માને લોહીની ઉલ્ટીઓ થઈ હતી. તેને ખૂબ ઉંચા તાવની અસર થયાનું પણ જાણવા મળ્યુ છે. વકીલે કહ્યુ છે કે શર્માના ભોજનમાં સ્લો પોઈઝનની અસર હતી. તિહાર જેલમાં સત્તાવાળાઓએ આ દાવાના સંબંધમાં હજુ સુધી કોઈ પ્રતિક્રિયા કરી નથી. અત્રે ઉલ્લેખનીય છે કે આ ગેંગ રેપ કેસમાં મુખ્ય આરોપી અને બસ ડ્રાઈવર રામસિંહ માર્ચ મહિનામાં રહસ્યમય સંજોગોમાં તેના સેલમાં મૃત હાલતમાં મળી આવ્યો હતો.

લાલુની પરિવર્તન રેલીમાં લાખો લોકો ઉમટી પડ્યા

લાલુની પરિવર્તન રેલી માટે ૧૩ સ્પેશિયલ ટ્રેનો કાર્યકરો, સમર્થકો માટે મુકાઈ : ૧.૧૧ કરોડનો જંગી ખર્ચ કરાયો

નવી દિલ્હી,તા. ૧૫

બિહારના ભૂતપૂર્વ મુખ્યમંત્રી

લાલુપ્રસાદ યાદવે આજે પરિવર્તન રેલી શરૂ કરી હતી. લાલુની પરિવર્તન રેલીમાં ભાગ લેવા લાખો લોકો પહોંચ્યા હતા. ગાંધી મેદાન ખાતે આયોજિત રેલીમાં લાખો લોકો જોડાતા આરજેડીના કાર્યકરોમાં ખુશીનુ મોજુ ફરી વળ્યુ હતુ. આરજેડીના નેતા તેમના પત્નિ રાબડી દેવી અને પુત્રો તેજપ્રતાપ અને તેજસ્વી સાથે પહોંચ્યા હતા.

પરિવર્તન રેલી આનું નામ આપવામાં આવ્યુ છે. બિહારમાં મોટા પાયે ફેરફાર કરવાના હેતુસર આ પરિવર્તન રેલી યોજાઈ રહી છે તેવો દાવો આરજેડી દ્વારા કરાયો છે. તેમના પક્ષ અને નેતાના ટેકામાં આરજેડીના વર્કરો પહોંચ્યા હતા. પક્ષના સિમ્બોલ સાથે આ લોકો પહોંચ્યા હતા. આરજેડી દ્વારા પરિવર્તન રેલી માટે ૧૩ સ્પેશિયલ ટ્રેનો રોકી છે. આનો ખર્ચ ૧.૧૧ કરોડની આસપાસ હોવાનું જાણવા મળી રહ્યુ છે. આ રેલી ગાંધી મેદાન ખાતે યોજાઈ હતી. ૨૦૦૫ બાદ આરજેડીની આ બીજી રેલી છે. બિહારમાં એનડીએ સામે આરજેડીએ એ વખતે સત્તા ગુમાવી હતી.

સમાચાર ઝલક

- વિસનગરની મહિલા બુટલેગર પોલીસ સ્ટેશનથી ફરાર થતાં ઝડપાઇ.
- અભિનેતા સંજયદત્ત આજે આત્મસમર્પણ કરશે.
- પાલીતાણાની યુવતીનો હત્યારો સોનગઢથી પકડાયો.
- ગુલાબચંદ કટારિયા સાથે સમગ્ર ભાજપ છે : રાજનાથ સિંહ
- વડાપ્રધાન મનમોહનસિંહે રાજ્યસભાની ઉમેદવારી આસામમાંથી કરી.
- નાઇજીરીયાના હિંસક આંદોલનમાં ૨૩નાં મોત પ્રદર્શનકારીઓ જુસ્સામાં.
- વારાણસીમાં ભૂખથી માતાની નજર સામે બે બાળકોનાં મોત.
- નેવી અધિકારીઓ સામે ઉચ્ચ તપાસ થશે, આક્ષેપો ગંભીર છે : સંરક્ષણ મંત્રી
- વિજાપુરમાં સેનેટરી ઇન્સ્પેક્ટરની વિજાપુર નગર પાલિકાના સભ્યના સગાએ જાહેરમાં ધોલાઇ કરી.
- બ્રિટને ભારત માટે સુપર વીઝા પ્રાથમિકતા શરૂ કરી. સવારે અરજી સાંજે વીઝા મળશે.
- તા. ૨૮મી જૂનથી અમરનાથની યાત્રાનો પ્રારંભ થશે, તંત્રે આરંભેલી કામગીરી.
- લાલુપ્રસાદે યોજેલી પરિવર્તન રેલી પટનામાં હજારો લોકોએ હાજરી આપી.
- મહારાષ્ટ્રમાં વેપારીઓની હત્યાથી સામાન્ય માનવી પરેશાની ભોગવે છે.
- જમીન બાદ હવે દરિયાઇ માર્ગે ચીન ભારતની મુશ્કેલીઓ વધારી રહ્યું છે.
- અર્થતંત્રમાં નવા પ્રાણ ફૂંકવા તાકીદે થનારી નવી જાહેરાત.
- ઓરિસ્સામાં દરિયાઇ કિનારે વાવાઝોડાનો ભય. ભારે વરસાદ થશે, સાવચેતીના પગલાં લેવાયા.
- શ્રીલંકા ઉપર વાવાઝોડું ત્રાટક્યું, ૭ નાં મોત, ભારે વરસાદ થયો.
- સરકારી વિભાગો રાષ્ટ્રભાષામાં જવાબ આપવામાં ઇન્કાર કરી શકે નહીં : સુપ્રીમ કોર્ટ
- મર્યા બાદ નવી ટેકનીકથી સાત લોકો જીવતા થયા, ઓસ્ટ્રેલિયામાં ક્રાંતિકારી બનાવ.